ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ–૯–બોપલ વિભાગના દશકોઈ તાલુકાના મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૨૮ ની ૪૪૫૨ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૩ ની ૨૬૭૧ ચોરસમીટર તથા બ્લોક/સરવે નંબર–૭૩૦ ની ૧૦૧૧૭ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૫ ની ૬૦૭૦ ચોરસમીટરની મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી બીનખેતીની પરવાનગી વાળી જમીનમાં આવેલ "પ્રહર્ષ બ્લયુબેલ" એ નામની યોજનામાં બ્લોક નંબર–એ+બી+સી+ડી માં .... ફલોર ઉપર આવેલ દુકાન/ફ્લેટ નંબર–.......... વાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ રૂા............................... અંકે રૂપીયા .... પુરાનો.

<u>લખી આપનાર</u>	D R INFRASTRUCTURE
પ્રમોટર	(PAN-AAMFD 8517 H)
	એ નામની ભાગીદારી પેઢી જેની ઓફીસનું સરનામું બ્લોક નંબર–૭૨૮/૭૩૦, પ્રહર્ષ બ્લ્યુબેલ, શાંતીવન ફાર્મ રોડ, ઘુમા, અમદાવાદ મુકામે આવેલી છે તેના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર...
	શ્રી દિનેશભાઈ રામાભાઈ પટેલ
	ઉ.આ.વ.પુખ્ત, ધંધો વેપાર, ધરમે હીન્દુ,
	રહેવાસી–અમદાવાદ.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો અગર લખી આપનાર અથવા પ્રમોટર એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં ડી. આર. ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારોનો તથા તેના સભ્યોનો તથા તેઓના વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, એકઝીકયુટરો વીગેરે તમામનો સમાવેશ થાય છે.

લખાવી લેનાર	શ્રી
એલોટી	પુખ્તવયના, ધરમે હીન્દુ,
	રહેવાસી–
	(PAN-)

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો અગર લખાવી લેનાર અગર એલોટી એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ, વાળી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, એકઝીકયુટરો વીગેરે તમામનો સમાવેશ થાય છે.

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ–૯–બોપલ વિભાગના દશકોઈ તાલુકાના મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૨૮ ની ૪૪૫૨ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૩ ની ૨૬૭૧ ચોરસમીટર તથા બ્લોક/સરવે નંબર–૭૩૦ ની ૧૦૧૧૭ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૫ ની ૬૦૭૦ ચોરસમીટરની મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી બીનખેતીની પરવાનગી વાળી જમીનમાં આવેલ ''પ્રહર્ષ બ્લયુબેલ'' એ નામની યોજનામાં બ્લોક નંબર–એ+બી+સી+ડી માં .... ફલોર ઉપર આવેલ દુકાન/ફલેટ નંબર–.......... ની સમચોરસમીટર–.......... (રે.રા. મુજબ કારપેટ એરીયા) (કારપેટ એરીયામાં નેટ યુઝેબલ એરીયાનો સમાવેશ થાય છે પરંતુ તેમાં બહારની દીવાલ, વોશ એરીયાનો સમાવેશ થતો નથી પરંતુ તેમાં આવેલ આંતરીક દીવાલના એરીયાનો સમાવેશ થયેલો ગણાશે) (મંજુર થયેલ પ્લાન મુજબ બિલ્ટઅપ એરીયા ચોરસમીટર–..........) તથા બાલ્કની એરીયા જેના ચોરસમીટર–.......... (કારપેટ) તથા વોશ એરીયા જેના ચોરસમીટર–.......... (કારપેટ) ના બાંધકામવાળી મિલ્કત તથા યોજનાની જમીનમાં વરાડે પડતાં વણ વહેંચાયેલ સમચોરસમીટર–.......... ના હકકો સહીતની મિલ્કત અમો લખી આપનાર ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''સદરહુ મિલ્કત'' એ રીતે સંબોધવામાં આવશે.

મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૨૮ ની ૪૪૫૨ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૩ ની ૨૬૭૧ ચોરસમીટર મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી બીનખેતીની પરવાનગી વાળી જમીન તેના માલીક દિનેશભાઈ રામાભાઈ પટેલ તથા મુકેશભાઈ રામાભાઈ પટેલ પાસેથી અમો લખી આપનારે તારીખ–૨૨/૦૭/૨૦૨૨ ના રોજ વેચાણ રાખેલ અને તે બાબતનો વેચાણ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદ–૯–બોપલના મે. સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર–૧૨૦૪૧ થી નોંધવામાં આવેલ અને તે બાબતની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નંબર–૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નંબર–૧૨૯૧૬ થી તારીખ–૦૩/૦૮/૨૦૨૨ ના રોજ પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી સક્ષમ અધિકારી ધ્વારા તારીખ–........................ ના રોજ મંજુર યાને પ્રમાણિત કરવામાં આવેલ છે તથા મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૩૦ ની ૧૦૧૧૭ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૫ ની ૬૦૭૦ ચોરસમીટરની મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી બીનખેતીની પરવાનગી વાળી જમીન તેના માલીક દિનેશભાઈ રામાભાઈ પટેલ તથા મુકેશભાઈ રામાભાઈ પટેલ પાસેથી અમો લખી આપનારે તારીખ–૨૨/૦૭/૨૦૨૨ ના રોજ વેચાણ રાખેલ અને તે બાબતનો વેચાણ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદ–૯–બોપલના મે. સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર–૧૨૦૪૨ થી નોંધવામાં આવેલ અને તે બાબતની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નંબર–૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નંબર–૧૨૯૧૭ થી તારીખ–૦૩/૦૮/૨૦૨૨ ના રોજ પાડવામાં આવેલ અને

સદર એન્ટ્રી સક્ષમ અધિકારી ધ્વારા તારીખ–......................... ના રોજ મંજુર યાને પ્રમાણિત કરવામાં આવેલ છે

મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૨૮ ની ૪૪૫૨ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૩ ની ૨૬૭૧ ચોરસમીટર અંગે મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી બીનખેતીની પરવાનગી જીલ્લા કલેકટરશ્રી અમદાવાદ ધ્વારા હુકમ નંબર– સીબી/CTS/એન.એ./ એસ.આર નં–૪૮૮/૨૦૧૮/FMPS No. ૩૦૭૨૫૦ તારીખ–૨૦/૦૭/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે તથા મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૩૦ ની ૧૦૧૧૭ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૫ ની ૬૦૭૦ ચોરસમીટર જમીન અંગે બીનખેતી હેતુફેરની પરવાનગી જીલ્લા કલેકટરશ્રી અમદાવાદ ધ્વારા હુકમ નંબર–૨૮૮૪/૦૭/૦૬/૦૩૨/૨૦૨૧ તારીખ–૧૧/૧૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ છે

મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૨૮ ની ૪૪૫૨ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૩ ની ૨૬૭૧ ચોરસમીટર તથા બ્લોક/સરવે નંબર–૭૩૦ ની ૧૦૧૧૭ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૫ ની ૬૦૭૦ ચોરસમીટરની મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી

બીનખેતીની પરવાનગી વાળી જમીન ઉપર બાંધકામ કરવા અંગેના પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન સમક્ષ રજુ કરતાં અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા તેની કચેરીના હુકમ નંબર–BHNTI/SWZ/240322/CGDCRV/A5907/RO/M1 થી તારીખ–૨૪/૦૮/૨૦૨૨ ના રોજ પ્લાન મંજુર કરવામાં આવેલ છે જે મુજબ બ્લોક નંબર–એ+બી+સી+ડી ના પ્લાન મંજુર કરવામાં આવેલ છે એ રીતે સદરહુ યોજનામાં કુલ ૪૦ દુકાન તથા ૩૪૫ ફલેટો એમ મળી કુલ ૩૮૫ યુનીટના પ્લાન મંજુર કરવામાં આવેલ છે તથા બાંધકામ રજાચીઠ્ઠી નંબર–06720/240322/A5907/RO/M1 તારીખ–૨૪/૦૮/૨૦૨૨ ના રોજથી આપવામાં આવેલ છે.

સદરહુ યોજના રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી પાસે રે.રા. રજીસ્ટ્રેશન નંબર–____________ થી તારીખ–................................ ના રોજ નોંધાયેલ છે.

સદરહુ મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૨૮ ની ૪૪૫૨ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૩ ની ૨૬૭૧ ચોરસમીટર તથા બ્લોક/સરવે નંબર–૭૩૦ ની ૧૦૧૧૭ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૫ ની ૬૦૭૦ ચોરસમીટરની મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી બીનખેતીની પરવાનગીવાળી જમીન અમો લખી આપનારના કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલ છે.

સદરહુ જમીનમાં અમો લખી આપનાર ભાગીદાર પેઢીએ વાણીજય દુકાનો/ફલેટોની યોજના સાકાર કરવાનું નકકી કરી તે યોજના સાકાર કરવા આર્કીટેકટ, એન્જીનીયર તથા કોન્ટ્રાકટર વીગેરેની નીમણુક કરી કોમન સુવીધાઓની જોગવાઈ કરી યોજનાના પ્લાન બનાવી તે પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા મંજુર કરવામાં આવેલ છે તથા પ્રોજેકટ શરૂ કરવા અન્ય તમામ જરૂરી મંજુરીઓ મેળવી ''પ્રહર્ષ બ્લયુબેલ'' એ નામથી દુકાનો/ફલેટોની યોજના અમો લખી આપનારે સાકાર કરેલ છે.

સદરહુ યોજનામાં તમો લખાવી લેનારે બ્લોક નંબર–એ+બી+સી+ડી માં .... ફલોર ઉપર આવેલ દુકાન/ફલેટ નંબર–.......... ની સમચોરસમીટર–.......... (રે.રા. મુજબ કારપેટ એરીયા) (કારપેટ એરીયામાં નેટ યુઝેબલ એરીયાનો સમાવેશ થાય છે પરંતુ તેમાં બહારની દીવાલ, વોશ એરીયાનો સમાવેશ થતો નથી પરંતુ તેમાં આવેલ આંતરીક દીવાલના એરીયાનો સમાવેશ થયેલો ગણાશે) (મંજુર થયેલ પ્લાન મુજબ બિલ્ટઅપ એરીયા ચોરસમીટર–..........) તથા બાલ્કની એરીયા જેના ચોરસમીટર–.......... (કારપેટ) તથા વોશ એરીયા જેના ચોરસમીટર–.......... (કારપેટ) ના બાંધકામવાળી મિલ્કત તથા યોજનાની જમીનમાં વરાડે પડતાં વણ વહેંચાયેલ સમચોરસમીટર–.......... ના હકકો સહીતની મિલ્કત વેચાણ લેવાનું નકકી કરેલ અને તે અંગે એક બાનાખત તારીખ–.................. ના રોજ અનુક્રમ નંબર–...................... થી નોંધાવવામાં આવેલ છે.

સદરહુ યોજનામાં તમો લખાવી લેનારે વેચાણ કીંમતના રૂા.....................

અંકે રૂપીયા .... પુરા નીચેની વિગતેથી ચુકવી દેતાં તેના બદલામાં અમો લખી આપનારે તમો લખાવી લેનારને સદરહુ યોજનામાં બ્લોક નંબર–એ+બી+સી+ડી માં .... ફલોર ઉપર આવેલ દુકાન/ફલેટ નંબર–.......... ની સમચોરસમીટર–.......... (રે.રા. મુજબ કારપેટ એરીયા) (કારપેટ એરીયામાં નેટ યુઝેબલ એરીયાનો સમાવેશ થાય છે પરંતુ તેમાં બહારની દીવાલ, વોશ એરીયાનો સમાવેશ થતો નથી પરંતુ તેમાં આવેલ આંતરીક દીવાલના એરીયાનો સમાવેશ થયેલો ગણાશે) (મંજુર થયેલ પ્લાન મુજબ બિલ્ટઅપ એરીયા ચોરસમીટર–..........) તથા વોશ એરીયા જેના ચોરસમીટર–.......... (કારપેટ) ના બાંધકામવાળી મિલ્કત તથા યોજનાની જમીનમાં વરાડે પડતાં વણ વહેંચાયેલ સમચોરસમીટર–.......... ના હકકો સહીતની મિલ્કત વેચાણ આપી તે અંગેનો આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરી આપી સદરહુ મિલ્કતનો ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો લખી આપનારે તમો લખાવી લેનારને સોંપી દીધેલ છે.

અમો લખી આપનાર ભાગીદારી પેઢીના મજકુર મિલ્કત પરત્વેના રાઈટ ટાઈટલ્સ તમો લખાવી લેનારે જોઈ ચકાસી લીધેલ છે તથા તમો લખાવી લેનારે તમારા જાણકાર એડવોકેટ/સીલીસીટર્સ મારફતે ચકાસણી કરી/કરાવી લીધેલ છે તેમજ ઉપરની વીગતે અમો લખી આપનાર ભાગીદારી પેઢીએ સદરહુ સમગ્ર જમીન વેચાણ દસ્તાવેજથી પ્રાપ્ત કરેલ છે તે બાબત પણ તમો લખાવી લેનારની જાણમાં છે તેમજ સદરહુ જમીન તથા યોજનાના બાંધકામને લગતા તમામ કાગળો / દસ્તાવેજો જેવા કે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ, કબજા પાવતી, બાંધકામના પ્લાન, વિકાસ પરવાનગી / રજાચીઠ્ઠી,

એપ્રુવ્ડ પ્લાન, ડીઝાઈન, તેમજ આનુસાંગીક તમામ પરવાનગીઓ વીગેરે અમો લખી આપનાર ધ્વારા તમો લખાવી લેનારને ચકાસણી અર્થે દર્શાવવામાં આવેલ છે તેમજ તે અંગેની તમામ સમજણ પણ આપવામાં આવેલ છે તે તમામ તે રીતે તમો લખાવી લેનારે જોઈ ચકાસી લીધેલ છે જેથી સદરહુ મિલ્કતના એપ્રુવ્ડ પ્લાન, ડીઝાઈન, સ્ટ્રકચર અને સ્પેશીફીકેશન અંગે ભવીષ્યમાં તમારે કોઈપણ પ્રકારના વાંધા તકરાર ઉપસ્થિત કરવાના નથી અને જો કરો/કરાવો તે તે રદબાતલ ગણાશે તેમજ સદરહુ યોજનામાં આવેલ કોમન સુવીધાઓ જેવી કે વીજળી, પાણી, ગટર વીગેરે બાબતો તથા સદરહુ યોજનાની કોમન સુવીધાઓ માટે વાપરવામાં આવનાર માલ, મટીરીયલ્સ, જેવા કે સીમેન્ટ, ઈંટો, લોખંડ વીગેરે અંગેની સંપુર્ણ માહીતી તથા યુનીટના માપ (કારપેટ એરીયા – બીલ્ટઅપ એરીયા – સુપરબીલ્ટઅપ એરીયા) તથા જમીનની કીંમતની ચુકવણી અંગેની સંપુર્ણ માહીતી પણ તમો લખાવી લેનારને પુરી પાડવામાં આવેલ છે તેમજ તેની સમજણ પણ આપવામાં આવેલ છે તથા તમારા જાણકાર પ્રોફેશલ મારફતે ચકાસણી કરી/કરાવી લીધેલ છે અને તે રીતે ઉપરોકત તમામ બાબતો સમજી વીચારી રાજીખુશીથી તથા સ્વેચ્છાએ લખાવી લેનારે સદરહુ યોજનામાં આવેલ સદરહુ મિલ્કત વેચાણ રાખેલ છે.

સદરહુ વેચાણ દસ્તાવેજથી સદરહુ મિલ્કત અંગેના પોષાતા વરાડે વણ વહેંચાયેલ હીસ્સા મુજબની જમીનનો માલીકી હકક યોજનાના અન્ય યુનીટ હોલ્ડર્સ સાથે સહીયારામાં અમો લખી આપનાર ભાગીદારી પેઢીએ તમો લખાવી લેનારને સોંપેલ છે જે મુજબ કોઈ ચોકકસ હીસ્સાની જમીનનો

કલેઈમ કરવા તમો લખાવી લેનાર હકકદાર રહેશો નહીં અને જો તેવો હકક કરશો તો તે રદબાતલ ઠરશે.

સદરહુ યોજનામાં ટવેન્ટી સેકન્ડફલોર ઉપર આવેલ યાને કે ટોપફલોર ઉપરના ભાગે આવેલ ટેરેસ (ધાબુ) તમો લખાવી લેનારે તથા સદર બ્લોકના અન્ય માલીક કબજેદારોએ સહીયારૂ વાપરવાનું રહેશે.

વધુમાં સદરહુ યોજનામાં બ્લોક નંબર–એ+બી+સી+ડી માં આવેલ ફલેટ નંબર–એ/૧૦૧, એ/૧૦૪, એ/૨૦૨, એ/૨૦૩, એ/૨૨૦૧, એ/૨૨૦૨, એ/૨૨૦૩, એ/૨૨૦૪, બી/૧૦૧, બી/૧૦૪, બી/૨૦૩, બી/૨૨૦૧, બી/૨૨૦૨, બી/૨૨૦૩, બી/૨૨૦૪, સી/૧૦૧, સી/૧૦૪, સી/૨૨૦૧, સી/૨૨૦૨, સી/૨૨૦૩, સી/૨૨૦૪, ડી/૧૦૧, ડી/૧૦૨, ડી/૧૦૪, ડી/૨૨૦૧, ડી/૨૨૦૨, ડી/૨૨૦૩, ડી/૨૨૦૪ વીગેરે ફલેટોને સંલગ્ન ખુલ્લુ ટેરેસ જે તે ફલેટ વાલા ફલેટોના માલીકોને આગવા વપરાશી હકકે આપેલ છે તે અંગે તમો લખાવી લેનાર તથા સદરહુ યોજનાના હાલના તથા વખતો વખતના માલીક/કબજેદારોએ ભવીષ્યમાં કોઈપણ પ્રકારના વાંધા તકરાર ઉપસ્થિત કરવાના નથી ઉપરોકત તમામ શરતો તમો લખાવી લેનાર તથા હાલના તથા વખતો વખતના માલીક/કબજેદારોને બંધનકર્તા છે અને રહેશે.

અમો લખી આપનારે "પ્રહર્ષ બ્લયુબેલ" એ નામની યોજના ઉપર હાલમાં અન્ય કોઈપણ બેંક, વ્યકિત, શરાફી પેઢી કે નાણાકીય સંસ્થાનો કોઈનો કોઈપણ પ્રકારનો બોજો આવેલ નથી તેમજ સદરહુ મિલ્કત ઉપર

અમો લખી આપનાર કોઈના જામીન થયેલ નથી કે સોલવંશી સર્ટીફીકેટ કઢાવેલ નથી તેમજ સદરહુ મિલ્કત પરત્વે કોઈપણ શખ્સનો ભરણ પોષણનો કે ખોરાકી પોષાકીનો હકક નથી તેમજ સદરહુ મિલ્કત આ રીતે તમો લખાવી લેનારને વેચાણ આપવા અમો લખી આપનાર માલીક મુખત્યાર અને હકકદાર છીએ તેવી તમામ બાબતનો પાકો વીશ્વાસ અને ભરોસો આપી તે બાબતનો વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે તમો લખાવી લેનારને લખી આપેલ છે તે રીતે સદરહુ તમો લખાવી લેનારને વેચાણ આપેલ મિલ્કતના રાઈટ ટાઈટલ કલીયર મારેકેટેબલ તથા સેલેબલ છે.

સદરહુ યોજના તથા તમો લખાવી લેનારને વેચાણ આપેલ મિલ્કત અંગે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન તરફથી બીલ્ડીંગ યુઝ પરમીશન (બી.યુ.) તારીખ–.................... ના રોજ આપવામાં આવેલ છે અને હવે પછી સદરહુ "પ્રહર્ષ બ્લયુબેલ" યોજનાની વધારાની એફ.એસ.આઈ., કોમન એરીયા તથા ધાબાના હકક હીસ્સા અમો લખી આપનારના રહેશે નહીં તેના તમામ હકકો સોસાયટી કે એસોસીએશનના રહેશે એટલે કે તમો લખાવી લેનારના રહેશે.

સદરહુ યોજનામાં તમો લખાવી લેનારે મિલ્કત વેચાણ રાખેલ હોઈ સદરહુ યોજનાના મેઈનટેનન્સ અર્થે સર્વિસ સોસાયટી/વિકાસ મંડળ બનાવવામાં આવે તે સર્વિસ સોસાયટી/વિકાસ મંડળના તમામ નીતીનીયમો તથા ધારાધોરણો તથા ઠરાવોનું તમો લખાવી લેનારે પાલન કરવાનું રહેશે તે અંગે તમો લખાવી લેનારે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર લેવા લેવડાવવાનો

નથી અને તેવો કોઈ વાંધો તકરાર કરશો કરાવશો તો રદબાતલ ઠરશે.

સદરહુ યોજનાની કોમન સુવીધાઓ જેવી કે કોમન પાર્કીગ, કોમન લીફ્ટ, કોમન બોરવેલ, કોમન વોટર ટેન્ક, સીકયોરીટી ચાર્જીસ, મેઈનટેનન્સ યા રીપેરીંગ ખરચ જે કાંઈ આવે તે તમામ સભ્યોએ મેઈનટેનન્સ સર્વીસ સોસાયટી નકકી કરે તે પ્રમાણે વરાડે માસીક ધોરણે ચુકવવાનું રહેશે તેમજ ખરચમાં જે વધઘટ થાય તે જે તે સમયે મેઈનટેનન્સ સર્વીસ સોસાયટી નકકી કરે તે પ્રમાણે દરેક સભ્યએ મેઈનટેનન્સ ફાળો આપવાનો રહેશે જો તે મેઈનટેનન્સની રકમ ભવીષ્યમાં તમો લખાવી લેનાર નીયમીત પણ ન ચુકવી શકો તો તે રકમ વ્યાજ, દંડ, પેનલ્ટી સહીત તમો લખાવી લેનાર પાસેથી વસુલ કરી શકીશું તેમજ ભવીષ્યમાં તમો લખાવી લેનારને વેચાણ આપેલ મિલ્કત તમો લખાવી લેનાર અન્ય કોઈપણ વ્યકિતને વેચાણ કે ટ્રાન્સફર કરો ત્યારે મજકુર સર્વીસ સોસાયટી તરફથી ટ્રાન્સફર ફી જે કાંઈ રકમ નકકી કરવામાં આવેલ હોય તે રકમ તમો લખાવી લેનારે ચુકવવાની રહેશે અને મજકુર સર્વીસ સોસાયટીનું લેખીત સંમતીપત્ર લેવાનું રહેશે અને તે અંગે તમો લખાવી લેનારે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર લેવા લેવડાવવાનો નથી અને તેવો કોઈ વાંધો તકરાર કરશો કરાવશો તો તે રદબાતલ ઠરશે તેથી તમામ કોમન સુવીધાઓમાં લખાવી લેનારનો વગર વહેંચાયેલ હકક રહેશે જે પણ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપવામાં આવેલ છે તથા સદરહુ મિલ્કતનો કબજો સંભાળ્યા બાદ સદરહુ મિલ્કત તથા યોજનાની કોમન વપરાશની જગ્યાઓ તથા સુવિધાઓની તમો લખાવી લેનારે સારી રીતે જાળવણી કરવાની રહેશે.

સદરહુ મિલ્કત અંગેના સુપર બીલ્ટઅપ/બીલ્ટઅપ/કારપેટ કન્સ્ટ્રકશન, સ્પેશીફીકેશન તથા તે અંગેની તમામ જાણકારી તેમજ યોજનાના રાઈટ ટાઈટલ્સ અંગેની તમામ જાણકારી મેળવી સમજી વિચારી સદરહુ મિલ્કત તમો લખાવી લેનારે વેચાણ રાખેલ છે તે અંગે તમો લખાવી લેનારે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર લેવા લેવડાવવાનો નથી અને તેવો કોઈ વાંધો તકરાર કરશો કરાવશો તો તે રદબાતલ ઠરશે.

અમો લખી આપનાર ભાગીદારી પેઢી ધ્વારા સદરહુ યોજનાનું બાંધકામ સરકાર ધ્વારા નકકી કરવામાં આવેલ જી.ડી.સી.આર. પ્રમાણે કરવામાં આવેલ છે જેથી ભવીષ્યમાં ભુકંપ કે કોઈ અન્ય કુદરતી આફત આવે ત્યારે તેને કુદરતી આફત ગણવાની રહેશે જે અંગે અમો લખી આપનારની કોઈ જવાબદારી રહેશે નહીં જે તમો લખાવી લેનારે સ્વસ્થચીતે સમજેલ છે તેમજ તમો લખાવી લેનારે તે બાબત સંપુર્ણપણે સ્વીકારી આ મિલ્કત વેચાણ રાખેલ છે.

સદરહુ યોજનાની પાર્કીંગ વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમો લખી આપનાર સભ્યોની સરળતાના હેતુથી પાર્કીંગ સ્લોટસ યોજનાના અલગ અલગ સભ્યોને તેમની જરૂરીયાત જોઈ ચકાસી કોઈપણ જાતનો અવેજ લીધા સીવાય ગ્રાઉન્ડફલોર/બેઈઝમેન્ટ પાર્કીંગ ફાળવશે જે અન્વયે તમો લખાવી લેનાર તથા યોજનાનાં અન્ય કોઈપણ સભ્યએ કોઈપણ પ્રકારનો વાંધો–તકરાર લેવા–લેવડાવાનો નથી.

અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપેલ મિલ્કત મેઈનટેનન્સ અર્થે જે સર્વીસ સોસાયટી બનાવેલ છે તે સર્વીસ સોસાયટીના તમામ નીતીનીયમો, ધારાધોરણ તથા ઠરાવોનું પાલન કરવાની શરતે તમો લખાવી લેનાર તમારા વંશ વાળી વારસો વાપરવા, ભોગવવા, વેચવા, ગીરો કરવા, બક્ષીસ કરવા યા તમો લખાવી લેનાર તે રીતે ઉપયોગ કરવા હકકદાર થશો તેમજ સદરહુ મિલ્કત આ રીતે તમો લખાવી લેનારને વેચાણ કરવાનો અમો લખી આપનાર ભાગીદારી પેઢીને સંપુર્ણ હકક અને અધિકાર હોઈ તે હકક અને અધિકારની રૂઈએ સદરહુ મિલ્કત અમો લખી આપનાર ભાગીદારી પેઢીએ તમો લખાવી લેનારને વેચાણ કરેલ છે.

સદરહુ મિલ્કત તમો લખાવી લેનાર આ વેચાણ દસ્તાવેજના આધારે તમામ સરકારી તથા અર્ધસરકારી રેકર્ડો જેવા કે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન તથા વીજ કંપનીના રેકર્ડમાં તમો લખાવી લેનાર તમારા નામે કરાવી લેવા હકકદાર છો અને તે અંગે અમો લખી આપનારની સહી સંમતી રાજીનામું તથા કબુલાત છે અને રહેશે તેમ છતાં ભવીષ્યમાં તે અંગે જયાં જયાં અમો લખી આપનારની કે અમો લખી આપનારના લાગતા વળગતા હોદ્દેદારોની મદદની જરૂર પડે તો તે ત્યાં ત્યાં કરી આપવા અમો લખી આપનાર બંધાયેલા છીએ.

સદરહુ મિલ્કતના ટાઈટલને લગતા તમામ કાગળો જેવા કે ૭/૧૨ ની નકલ, વેચાણ દસ્તાવેજની નકલ, એપ્રુવ્ડ પ્લાનની નકલ, વિકાસ પરવાનગીની

નકલ, ટાઈટલ રીર્પોટ તથા બી.યુ. પરમીશન વીગેરે તમામ અમો લખી આપનારે તમો લખાવી લેનારને પુરા પાડેલ છે.

સદરહુ મિલ્કત અંગેના હવે પછીના અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના ટેક્ષના નાંણા, વીજ કંપનીના ઈલેકટ્રીક બરનીંગ બીલના નાંણા વીગેરે તમો લખાવી લેનારે ભરવાની છે અને રહેશે.

સદરહુ યોજનાની બાહય સુંદરતા જળવાઈ રહે તે હેતુથી સદરહુ યોજનાના ટેરેસ ઉપર યોજનાના કોઈપણ સભ્યએ જાહેરાતના હોર્ડીંગ્સ મુકવા મુકાવવાના નથી કે કોઈપણ જાતના ટાવર લગાવવાના નથી કે લગાવવા દેવાના નથી તેમજ યોજનાના બાહય એલીવેશનમાં કોઈ ફેરફાર તમો લખાવી લેનારે કરવાનો નથી અને યોજનાના આર.સી.સી. સ્ટ્રકચરને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય તમો લખાવી લેનારે કરવાનું નથી.

વધુમાં સદરહુ યોજના હંમેશ માટે ''પ્રહર્ષ બ્લયુબેલ'' તરીકે ઓળખાશે અને તેનું નામ કોઈપણ સંજોગોમાં બદલવામાં આવશે નહીં.

સદરહુ મિલ્કત આ રીતે વેચાણ દસ્તાવેજથી તમો લખાવી લેનારને વેચાણ આપવા માટે અમો લખી આપનાર ભાગીદારી પેઢીના તમામ ભાગીદારોએ અમો વહીવટકર્તા ભાગીદારની તરફેણમાં ઓથોરીટી લેટર લખી આપી વહીવટકર્તા ભાગીદાર તરીકે નીયુકત કરી સર્વાનુમતે અધિકાર આપવામાં આવેલ છે જે ઓથોરીટી હાલમાં પણ અમલમાં છે તેમજ પાવર

આપનાર ભાગીદારી પેઢીના તમામ ભાગીદારો આજરોજ હયાત છે

સદરહુ મિલ્કતના વેચાણ દસ્તાવેજને લગતો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વીગેરે તમામ ખર્ચ તમો લખાવી લેનારે એકલાએ ભોગવેલ છે તેમજ જીએસટી તથા મેઈનટેનન્સ ડીપોઝીટની રકમ અલગથી ચુકવી આપવાની રહેશે.

સદરહુ તમો લખાવી લેનારને વેચાણ આપેલ મિલ્કતના તમામ ભાગનો અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ ખાલી અને પ્રત્યક્ષ કબજો સોપેલ છે અને જે તમો લખાવી લેનારે જોઈ તપાસી સંભાળી લીધેલ છે જેથી સદરહુ મિલ્કતના કબજા બાબતે તમો લખાવી લેનારે ભવીષ્યમાં કોઈપણ જાતના વાંધા તકરાર ઉપસ્થિત કરવાના નથી.

આ દસ્તાવેજની કોઈપણ શરતના અમલ અંગે આપણ પક્ષકારો વચ્ચે તકરાર કે મતભેદ થાય તો પહેલા તે અંદરો અંદર સમજુતીથી સુમેળે કરવાનો રહેશે પરંતુ જો કોઈપણ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ના લાવી શકાય તો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ ના રૂલ્સ તથા રેગ્યુલેશનને આધિન અમદાવાદ સત્તામંડળને મોકલવાની રહેશે અને તે ઓથોરીટીનો નીર્ણય આપણ બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

ભારતદેશમાં અમલમાં હોય તેવા કાયદા મુજબ આ દસ્તાવેજ હેઠળ

અથવા તેમાંથી ઉભા થતા હકકો અને જવાબદારીઓનું અર્થઘટન અને અમલ કરવાનો રહેશે અને આ દસ્તાવેજ માટે અમદાવાદ શહેરની અદાલત હકુમત ધરાવશે.

આ દસ્તાવેજની કોઈપણ જોગવાઈયુકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બીનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઈઓ આ દસ્તાવેજના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તો તે હેઠળ ધરવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે.

સદરહુ મિલ્કતનો કબજો જયારે પણ તમો લખાવી લેનારને સોંપવામાં આવે તે તારીખથી પાંચ વર્ષની સમય મર્યાદામાં સદરહુ યોજનાના બીલ્ડીંગને લગતી બાંધકામ અંગેની કોઈપણ ખામી હોય તો તે અમો લખી આપનારના ધ્યાને લાવવાની રહેશે અથવા કોઈ ખામી ગુણવત્તા કામગીરી બાબતે અથવા સેવાકીય બાબતે અમો લખી આપનાર શકય હશે તે રીતે તેવી ખામીને દુર કરી આપશે અથવા તમો લખાવી લેનાર અમો લખી આપનાર પાસેથી તેવા પ્રકારની ખામી અંગે કાયદાકીય વળતર મેળવી શકશે, પરંતુ સદરહુ મિલ્કતમાં તમો લખાવી લેનાર કોઈ તોડફોડ કે ફેરફાર કરશો જેને લઈને ભવીષ્યમાં ભેજ આવે પાણી ચુહે કે લીકેજ થાય કે પ્લાસ્ટરમાં તિરાડો પડે તે અંગે તમો લખાવી લેનારે અમો લખી આપનારને જવાબદાર ઠેરવવાના

નથી પરંતુ જો બાંધકામ કે ગુણવત્તા કે કામગીરી અંગેની ખામી કે જે અમો લખી આપનારના કારણે ના હોય અથવા તો અમો લખી આપનારના નિયંત્રણ કે અંકુશ બહારના કારણે હશે તો તે અંગે અમો લખી આપનાર જવાબદાર રહીશું નહીં.

સદરહુ યોજનામાં અમો લખી આપનારે સારી કંપનીની લીફ્ટ ઈન્સટોલ કરેલ છે જે લીફટનો તમો લખાવી લેનારે સાચવીને ઉપયોગ કરવાનો રહેશે તેમજ તેમાં ગંદકી થાય તેવું કૃત્ય કરવાનું નથી તથા લીફટએ લીફટ બનાવનાર કંપની ધ્વારા બનાવવામાં આવેલ મશીન હોઈ તેમાં યાંત્રિક ખામી ઉભી થાય અને તેને લઈ કોઈ અકસ્માત યા મૃત્યુ નીપજે તો તે અંગે અમો લખી આપનારને તમો લખાવી લેનારે જવાબદાર ઠરાવવાના નથી તેમજ ભવીષ્યમાં લીફટ અંગેના લાયસન્સ સદરહુ યોજનાના સભાસદોએ નીયમીત રીન્યુ કરવા કરાવવાના રહેશે.

સદરહુ યોજના અંગે અમો લખી આપનારને તમો લખાવી લેનારની પાસેથી સદરહુ યોજનાની એફ.એસ.આઈ. ટેરેસ તથા પાર્કીગ ડીસીપ્લીન સબંધી જે કાંઈ બાંહેધરી સોગંદનામા અન્ડરટેકીગ વીગેરેની જરુરીયાત ઉપસ્થીત થાય તો તમો લખાવી લેનારે વખતો વખત કોઈપણ જાતના વાંધા તકરાર સીવાય લખી આપવાના છે અને તે મુજબ વર્તવાનું રહેશે.

સદરહુ મિલ્કતના વેચાણ અવેજના રૂપીયા પહોંચ્યાની વીગત જે,...

રૂા.　　　　　અંકે રૂપીયા　　　　　પુરાનો ચેક/ડીમાન્ડ ડ્રાફટ/પે–ઓર્ડર નંબર–　　　નો તારીખ– ના રોજનો

શાખાનો અમો લખી આપનારે તમો લખાવી લેનાર પાસથી લીધો છે તે.

....

રૂા.　　　　　અંકે રૂપીયા .... પુરા

....

એ રીતે સદરહુ મિલ્કતના વેચાણ અવેજના કુલ રૂા..................... અંકે રૂપીયા .... પુરા ઉપરની વીગતે અમો લખી આપનારે તમો લખાવી લેનાર પાસેથી પુરા કરી લીધા છે જે અમો લખી આપનારને મળ્યાનું કબુલ મંજુર રાખીએ છીએ જેની આથી આ પહોંચ છે

પરીશીષ્ટ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ–૯–બોપલ વિભાગના દશકોઈ તાલુકાના મોજે ઘુમાની સીમના બ્લોક/સરવે નંબર–૭૨૮ ની ૪૪૫૨ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૩ ની ૨૬૭૧ ચોરસમીટર તથા બ્લોક/સરવે નંબર–૭૩૦ ની ૧૦૧૧૭ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટ નંબર–૧૮૫ ની ૬૦૭૦ ચોરસમીટરની મલ્ટીપ્રર્પઝ (બહુહેતુક) હેતુલક્ષી બીનખેતીની પરવાનગી વાળી જમીનમાં આવેલ ''પ્રહર્ષ બ્લયુબેલ'' એ

નામની યોજનામાં બ્લોક નંબર–એ+બી+સી+ડી માં .... ફલોર ઉપર આવેલ દુકાન/ફલેટ નંબર–.......... ની સમચોરસમીટર–.......... (રે.રા. મુજબ કારપેટ એરીયા) (કારપેટ એરીયામાં નેટ યુઝેબલ એરીયાનો સમાવેશ થાય છે પરંતુ તેમાં બહારની દીવાલ, વોશ એરીયાનો સમાવેશ થતો નથી પરંતુ તેમાં આવેલ આંતરીક દીવાલના એરીયાનો સમાવેશ થયેલો ગણાશે) (મંજુર થયેલ પ્લાન મુજબ બિલ્ટઅપ એરીયા ચોરસમીટર–..........) તથા બાલ્કની એરીયા જેના ચોરસમીટર–.......... (કારપેટ) તથા વોશ એરીયા જેના ચોરસમીટર–.......... (કારપેટ) ના બાંધકામવાળી મિલ્કત તથા યોજનાની જમીનમાં વરાડે પડતાં વણ વહેંચાયેલ સમચોરસમીટર–.......... ના હકકો સહીતની મિલ્કત જેના ખુંટચારની વીગત નીચે મુજબ છે.

પુરવે :–

પશ્ચીમે :–

ઉત્તરે :–

દક્ષીણે :–

એ રીતેના નંબર માપવાળી મિલ્કત તથા તેમાં આવેલ ઈલેકટ્રીક ફીટીંગ્સ ચાલુ વપરાશ સાથેની તથા ઈલેકટ્રીક સર્વીસના હકકો સહીતની તથા સદરહુ યોજનામાં આવેલ કોમન સુવીધાઓ ફકત વાપરવાના વરાડે પડતાં હકકો સહીતની મિલ્કત તથા સદરહુ યોજનાની જમીનમાં વરાડે હકકો સહીતની મિલ્કત તથા સદરહુ મિલ્કતના રસ્તાના તથા ચાલનીકાલના હકકો સહીતની મિલ્કત અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ

આપેલ છે.

તે બાબતનો આ વેચાણ દસ્તાવેજ દસ્તાવેજ અમો લખી આપનારે અમારી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી વાંચી સમજી વિચારી કોઈપણ જાતના દાબ દબાણ સીવાય સભાન અવસ્થામાં તમો લખાવી લેનારને લખી આપેલ છે જે અમો લખી આપનાર ભાગીદારી પેઢીને તથા સદરહુ ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો ઈત્યાદી તમામને તથા તમો લખાવી લેનારને તથા તમો લખાવી લેનારના વંશ વાળી વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે ઉપર લખ્યું તે સહી છે.

તારીખ–

અતરે..મતુ અતરે..શાખ.

<u>લખી આપનાર</u>	**<u>સાક્ષી</u>**
D R INFRASTRUCTURE	
એ નામની ભાગીદારી પેઢીના વતી	
તેના અધિકૃત ભાગીદાર...	૧–..
....	૨–..
શ્રી દિનેશભાઈ રામાભાઈ પટેલ	

<u>રજીસ્ટ્રેશન અધિનીમયની કલમ–૨૧ મુજબ મિલ્કતના ફોટોગ્રાફસ</u>

<u>મિલ્કતનું પોસ્ટલ એડ્રેસઃ–</u>

દુકાન/ફલેટ નંબર–.........., "પ્રહર્ષ બ્લયુબેલ", શાંતીવન ફાર્મ રોડ, ઘુમા,

અમદાવાદ

<u>લખી આપનાર</u> **<u>લખાવી લેનાર</u>**

<u>રજીસ્ટ્રેશન અધિનીમયની કલમ–૨૧ મુજબ મિલ્કતના ફોટોગ્રાફસ</u>

<u>મિલ્કતનું પોસ્ટલ એડ્રેસઃ–</u>

દુકાન/ફલેટ નંબર–.........., ''પ્રહર્ષ બ્લયુબેલ'', શાંતીવન ફાર્મ રોડ, ઘુમા, અમદાવાદ

<u>લખી આપનાર</u> **<u>લખાવી લેનાર</u>**

<u>રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ–૩૨(અ) મુજબનું પરીશીષ્ટ</u>

<u>લખી આપનાર</u>

D R INFRASTRUCTURE

એ નામની ભાગીદારી પેઢીના વતી

તેના અધિકૃત ભાગીદાર...

....

શ્રી દિનેશભાઈ રામાભાઈ પટેલ

<u>લખાવી લેનાર</u>

....

શ્રી